વડીલોને વંદન અભિનંદન



ભાનુપ્રસાદ મગનલાલ ભટ્ટ
(૧૯૪૭) મો. ૭૬૦૦૦૭૫૯૭૦

પ્રજા અને પોલીસ વચ્ચે સુમેળ થાય તે માટે મહેસાણામાં શિબિરો યોજાઈ

મહેસાણા, તા. ૪

પ્રજા અને પોલીસ વચ્ચેનું અંતર ઘટે તેમજ પરસ્પર વિશ્વાસનું વાતાવરણ સર્જાય તે માટે સરકાર અને પોલીસ વિભાગ તરફથી કેટલાક વર્ષો અગાઉ ચિંતન શિબિરો યોજવામાં આવી હતી. આ શિબિરોમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોલીસતંત્રની જૂની છાપ ભૂંસવા માટે તથા માનવીય અભિગમ રાખવા માટે તાબાના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ ઉપરાંત સરકાર અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચેની તિરાડ પુરાય તે માટે સઘન પ્રયાસો કરાય છે. તેમ છતાં ઉત્તર ગુજરાતના વેપારીમથક ઊંઝા પોલીસ સ્ટેશનમાં પોલીસની કારાયશૈલી તેમજ વલણમાં કોઈ પેર પડ્યો નથી અને પ્રજાની સાથે હકારાત્મક વલણ અપનાવવાને બદલે નકારાત્મક વલણ અપનાવાય છે.

લોકોમાં એવું બોલાય છે કે મોટાભાગના અધિકારીઓ અને કર્મચારીઓ નાગરિકો સાથે વિનય વિવેકપૂર્ણ રીતે વર્તતા નથી. પોલીસ મથકે નાગરિકોની ફરિયાદ નોંધવામાં વિલંબ આ અખાડા થાય છે. નોંધાયેલ ગુનાની શુ પ્રગતિ થઈ, પોલીસે શું પગલાં ભર્યા છે, તેની અરજદાર કે ફરિયાદીને કોઈ માહિતી મળતી નથી. વધુમાં અખબારોને પણ નોંધાયેલ ગુનાઓની માહિતી આપવામાં આનાકાની થાય છે. ભૂતકાળમાં વાર્ષિક ઈન્સ્પેક્શન અર્થે આવેલ ગાંધીનગર રેન્જના તત્કાલિન નાયબ પોલીસ મહાનિર્દેશક સંજયકુમાર તોમરે પોલીસ પ્રજાનો સાચા અર્થમાં મિત્ર બની રહે તે માટે તંત્રની ખામીઓ દૂર કરવા પર ભાર મુકી મહેસાણા જિલ્લામાં અરજદાર કે ફરિયાદીને તેના કેસ અંગે શું પ્રગતિ થઈ, તપાસ અધિકારીએ કેવા પગલાં ભર્યા છે, તેની તમામ માહિતી ઈન્ચાર્જ પોલીસ અધિકારી સામેથી જઈને કહેશે. તેવા ક્રાંતિકારી કદમથી મહેસાણા જિલ્લામાં શરૂઆત કરવાની વિગત આપી હતી. આજે આ વાતને વર્ષો વીતિ ગયા છતાં પોલીસતંત્ર દ્વારા આ યોજનાનો કોઈ અમલ થયો નથી.

ઊંઝા પોલીસ સ્ટેશનમાં છેલ્લા કેટલાક સમયથી ચાર્જમાં બેસતા કેટલાક હેડ કોન્સ. યા એ.એસ.આઈ. કક્ષાના અધિકારીઓ, નાગરિકો તથા અખબારી પ્રતિનિધિને યોગ્ય વ્યવસ્થિત જવાબ આપતા નથી. નોંધાયેલ ગુનાની વિગત આપવામાં આનાકાની કરી પોલીસની ભાષામાં ઉધ્ધત વર્તાવ કરતા હોવાનું કહેવાય છે. પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા જતા નાગરિકોની ત્વરિત ફરિયાદો નોંદાતી નથી. ગંભીર પ્રકારના ગુનાઓને હળવા કરવાની કોશિષ કરાય છે.

પ્રાંતિજના બોભા ગામે આજે દિપેશ્વરી માતાજી, ગોગા મહારાજ, મેલડી માતાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દામધૂમપૂર્વક યોજાયો હતો. આ મહોત્સવમાં ભગવાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં સંત લખીરામ બાપુ સહિત સી.કે. રાઠોડ, બી.કે. રાઠોડ, વાલજીભાઈ દેસાઈ, અમરતભાઈ વગેરે આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.
(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

(તસવીર : કશ્યપ નિમાવત)

આપણું આ શહેર વિવિધસભર લોકોથી હંમેશા આગળ રહ્યું છે. અહીં સમાજસેવકો અને પર્યાવરણ પ્રેમી અને પ્રાણીપ્રેમીઓ તો ખૂબ જ છે. આવા જ એક જીવ પ્રેમીએ પોતાનાં ઘરમાં ૧૦૦થી વધારે 'માછલીઓ' રાખી છે. સેક્ટર-૭-સી પ્લોટ ૮૯૮/૧માં રહેતા અને જી.ટી.પી.એલ.માં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા પુષ્પેન્દ્ર આર. મોદીને નાનપણથી જ પ્રાણીજન્ય જીવજંતુઓ પ્રત્યે અત્યંત લગાવ હતો. ધોરણ ૮ થી જ દેડકાંના બચ્ચાંઓને ઘરમાં લાવી રાખતા સાથે માછલીઓને પણ ઘરમાં રાખવાનું શરુ કર્યું. ધીમે ધીમે શોખ વધતો ગયો અને આજે ગોલ્ડફીશ, ક્વેકાર, કીસીંગ ગોરમેલીયા, બ્લેક મોર, સીલ્વર ડોલાર, શકકર કેટ, ડેલ્ટાગપ્પી, ક્રોબા ગપ્પી, સનસાઈઝ ગપ્પી, રેડકેપ, મોલ્કી કાર તેમજ વિવિધ જાતની ૧૦૦થી વધુ માછલીઓને નિવાસસ્થાન બનાવ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી માછલીઓને પોતાનાં પરિવારનાં સદસ્યોની જેમ સાચવતા પુષ્પેન્દ્રભાઈને રોજ ૧ કલાક જેટલો સમય લાગે છે અને મહીને ૪ થી ૫ કલાક સાફ સફાઈમાં લાગે છે. આ કામ હોંશે હોંશે પોતે તો કરી રહ્યા છે તેમનાં પરિવારજનો પણ તેમને પુરો સાથ આપે છે. અગાઉ આ જીવપ્રેમી યુવાને ઘરમાં જ ખડચીતરો સાપ પાળ્યો હતો. આ ઉપરાંત સમડી, ઘુવડ જેવા પક્ષીઓને તેમજ ખીસકોલીના બચ્ચાંને સારવાર આપી નવજીવનુ પણ આપ્યું છે. હંમેશા મુંગા પ્રાણીઓની સેવા કરો તેમને મદદ કરો. રસ્તામાં ક્યાંક ઘાયલ પશુ-પક્ષી જોવા મળે તો ટોળું વળી જવા કરતાં તેને યોગ્ય સારવાર મળે તેવા પ્રયત્ન કરો તેવું પુષ્પેન્દ્રભાઈનું માનવું છે. આ શહેરમાં સેવાકીય સંસ્થાઓ ઘણી બધી છે. પરંતુ હજુ વેટરનરી ડોકટરોની અછત ખૂબ જ વર્તાય છે. જે વિશે વધુ જાગ્રતતા કેળવવી જરુરી છે. એનીમલ હેલ્પ લાઈન હોવા છતાં ઘણી વખત આ અબાલજીવોની સારવારમાં વિલંબ થાય છે પોતે પણ એક જીવ પ્રેમી અને પ્રકૃતિ પ્રેમી તરીકે પુષ્પેન્દ્રભાઈએ ૮૦૦૦૦૭૨૧૩૧ પર ગમે ત્યારે સંપર્ક કરવા વિનંતી કરી છે.

મોદીનો વિશ્વવિક્રમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવાસ કર્યો હોવાનું બહાર આવ્યું છે. જેમાં તેમણે હેલિકોપ્ટર અને ચાર્ટર પ્લેનનો ઉપયોગ કર્યો હતો. હવાઈ પ્રવાસનું ભાડુ સામાન્ય રીતે હેલિકોપ્ટરનું ભાડુ કલાક દીઠ ગણાય છે. જેમાં હેલિકોપ્ટર ખરીદાયાના વર્ષ, બેઠકની સુવિધા વિગેરે પ્રમાણે એક કલાકના ૮૦ હજાર રૂપિયાથી લઈને દોઢ લાખ રૂપિયાથી સુધીનુ ભાડુ હોઈ શકે છે.

ચાર્ટર એરક્રાફ્ટનું ભાડુ પણ કલાક દીઠ ૧.૨૦ લાખથી લઈને ૨.૬૦ લાખ સુધીનું હોય છે. આ બધામાં નક્કી થયું હોય તે મુજબ ક્રુ ચાર્જ, હોલ્ટ ચાર્જ, પાર્કીંગ ચાર્જ અને લેન્ડીંગ ચાર્જ વિગેરેનો પણ ઉમેરો થતો હોય છે. જો ભાજપના દાવા પ્રમાણે મોદીએ ૩ લાખ કિલોમીટરનો પ્રવાસ છેલ્લા સાત મહિનામાં કર્યો છે અને તેમાંથી મોટાભાગનો હવાઈ પ્રવાસ હશે તે સ્વાભાવિક છે તે જોતા મોદી હવાઈ પ્રવાસના ખર્ચના રેકોર્ડમાં પણ નંબર વન હશે. હેલિકોપ્ટર અને એરક્રાફ્ટનું લઘુતમ ભાડુ અને મોદીના પ્રવાસ પાછળમાંથી દિવસે રેલી માટે ખર્ચેલા કલાકો ગણતા ઓછામાં ઓછો આ ખર્ચ ૮૦ કરોડથી લઈને મહત્તમ ભાડા તથા અન્ય ખર્ચ પ્રમાણે ૨૦૦ કરોડ રૂપિયા પણ પહોંચે છે. ૨૦૦૯માં સમગ્ર ભાજપનો હવાઈ પ્રવાસનો ખર્ચ ૮૦ કરોડ રૂપિયાનો હતો. આ વખતે એકલા મોદીનો ખર્ચ જ તેનાથી વધુ છે ત્યારે કેટલો ચૂંટણી ખર્ચ બતાવશે તેની પર નજર રહેશે.

ફ્લાઈટો હાઉસફુલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મે ની વારાણસીની ટિકીટ રૂ. ૨૩,૬૬૫ માં વેચાઈ રહી છે.

ગુજરાત એસોસિએશન ઓફ ટૂર ઓપરેટર્સના ચેરમેન મનીષ શર્માએ જણાવ્યું હતું કે, વારાણસીમાં ૧૨ મે ના રોજ મતદાન હોવાથી મોદીના અનેક સમર્થકો અમદાવાદથી જઈ રહ્યા છે. જેના લીધે ફ્લાઈટ્સ હાઉસફૂલ થઈ ગઈ છે. ટુર ઓપરેટરોનું એ ગ્રુપ ચોથી મે ના રોજ વારાણસી જઈ રહ્યું છે. જેમાં ૭૦ જેટલી વ્યક્તિઓ છે. જેઓ વારાણસી, અલ્હાબાદ જેવા શહેરોના ટ્રાવેલ અને ટુર ઓપરેટરો માટે એક મતદાન જાગૃતિ અભિયાન કરવાનો છે. જેમાં ગુજરાતના ટુરિઝમના વિકાસની રૂપરેખા પણ રજુ કરવામાં આવશે.

ઝુમતા યુવાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'રામલીલા'નું બીજું ગીત 'ધીન તનાક'નાં ગુજરાતી અંતરા 'લીલી લેંબડી રે, લીલો નાગરવેલનો છોડ' સાથેની રજૂઆતે યુવાનો હેલે ચઢયાં હતાં. યુવાનોને એમણે આશીકી-૨નાં ગીતની પણ બે લીટી ગાઈ બતાવી મોજ કરાવી હતી. રામલીલાના ગીતમય બની આવેલાં યુવાનોને એમની કલાસિકલ ગાયકી અન નોનસ્ટોપ રજૂઆત 'ટચ' કરી ગઈ. યુવાનોને થનગનતાં રાખવાં એમણે કાર્યક્રમના અંતમાં ફરી એકવાર 'મન મોર બની થનગાટ કરે'ની બે લીટી ગાતાં સૌ શ્રોતાઓએ એમને સ્ટેન્ડીંગ ઓવેશન આપી ભરપૂર માન સન્માન બક્ષ્યું.

નગરજનોને ડોલાવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસેથી ગાયલી શીખેલા. સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ભજનીક નારાયણ સ્વામિ અને તબલચી તરીકે કામ કરનારાં આ કલાકારના તબલાંના ઠેકા પર મોરારિ બાબુ પ્રભાવિત થયેલા. કોકે મોરારિ બાપુને કીધેલું કે આમનો અવાજ પણ સરસ છે, અને બસ પછી તો ગાયકીથી પોતે છેક પાર્શ્વ ગાયક અને 'રામલીલા'ના ગીતથી તો રાતોરાત સૌનું માનીતું નામ બનેલા ઓસમાણ મીરે 'યા દેવી સર્વ ભુતેષુ, શક્તિ, બુદ્ધિ, વાણી, લક્ષ્મી રૂપેણ સંસ્થિતા' સાથે માતાજીને સ્મરીને રાસબિહારી દેસાઈના ખરજનાં અવાજથી યાદ અપાવતી રચના 'માડી તારું કંકુ ખર્યું ને, સુરજ ઉગ્યો' માં અવાજનાં આરોહ-અવરોહ સાથે જમાવટ કરી દીધી...

'મહેફિલ મેં બાર બાર કિસી પર નજર ગઈ, હમને બચાઈ લાખ મગર, ફિરસે ઉધર ગઈ' જેવી ગઝલને શાસ્ત્રીય તરાના સાથે ગવાતાં પ્રેક્ષકો તાનમાં આવી ગયા. ગુલામ અલી અને મહેંદી હસન જેવાં ગઝલ ગાયકોની યાદ તાજા કરાવી દીધી... 'હેરી સખી મંગલ ગાનોની, ચોક પુરાવો, માટી રંગાવો, આજ મોરે ઘર પિયા આવેગે', 'વાહ કયાં બાત હૈ' જેવા ઉદ્ગારો નીકળે, એમાંય 'પિયુ પિયુ પપિહા રટે, અનહદ નાદ કરાવો' પર ધમાલ તબલાં વગાડાતાં વાતાવરણ મંગલ મંગલ થઈ ગયું...

ભગવાન શિવનું પ્રસિદ્ધ ભજન 'અજબ હૈ તેરી માયા, ઉસે કોઈ સમજના પાયા, ભોલે નાથ, ભોલે નાથ' ભક્તિમય રહ્યું તો 'કેસરીયા બાલમ, આવોની પધારો મ્હારે દેશ' માં 'જાવણ-આવણ કેહ ગયો દિયા કોલ અનેક'નો અંતરો અને સાથે તબલા - હાર્મોનિયમની સંગત રંગત લાવી ગઈ... આ ગીતની વચ્ચે બેન્જો પર 'થાડે રહીયો ઓ બાંકે યાર રે' પાકિઝાની ટ્યુન માણવાં જેવી બની... દોહો એટલે દસમો વેદ અને ઓસમાણ મીરે રાજસ્થાની-પંજાબી-ગુજરાતી લઢણના દોહાની જમાવટ કરી...

આજના કાર્યક્રમમાં જે ગીતની આતુરતાપૂર્વક રાહ જોવાની હતી તે 'રામલીલા'નું 'મનમોર બની થનઘાટ' કરેની જાહેરાત માત્રથી પ્રેક્ષકોમાં અનેરો ઉત્સાહ આવી ગયો. 'મધુરા મધુરા મલકાય મેઢક, મેઘઘટા ગરજાટ કરે' ઓસમાણ મીર દીલથી આ ગીત ગાતા હતા અને એવો જ સજ્જડ પ્રતિસાદ પ્રેક્ષકોનો... દિવાળીબેન ભીલની ઓળખ સમાન ગીત 'મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે' આ ગીતની સાથોસાથ વણી લીધુ અને અપેક્ષીત હતુ એમ જ 'મનમોર બની' માટે ઢગલો વન્સમોર આવતા ફરી એજ એનર્જીથી આ ગીત ફરી ગવાતા યુવાધન હિલોળે ચઢી ગયું...

બેસ્ટ સિંગરની સ્પર્ધામાં નોમિનેશ પામેલું 'મનમોર બની' ગીત નહીં પણ 'આશિકી-૨'નું વિનર ગીત 'અમને કરમદી અદાયે, યારા, મુજકો ઈરાદે, કસ્મે વાદે દે, કરદે ઈધરભી તુ નિગાહેં' ગાઈને યુવાનોને ગેલમાં લાવી દીધાં... ગયા વર્ષના ગ્રીષ્મોત્સવમાં કેલાશ ખેરે ગાયેલું ગીત 'તેરે નામ સે જીલું, તેરે નામ સે મર જાઉં, તેરે નામ કે સદકે મૈ, કુછ ઐસા કર જાઉં, તુને ક્યા કરડાલા મર ગઈ મેં મીટ ગઈ મેં તેરી દિવાની' અને આ ગીતની વચ્ચે બેન્જો પર 'દિલ કો દેખો ચહેરા ના દેખો, ચહેરેને લાખો કો લૂંટા' અને 'મેં દેર કરતાં નહી દેર હોતી જાતી હે' અને વચ્ચે દિલ બાગબાગ કરે એવાં ચાર શેરથી 'દિવાની' ગીત દમદાર બની રહ્યું...

'લીલી લેંબડી રે, લીલો નાગરવેલનો છોડ'નું ગીત રાગ સારંગા પર આધારીત અને આ પંક્તિ છેડતાં જ યુવાધન હિલોળે ચઢ્યું. ઉતારા પરોઢના મારા ઘેર કરજો, સીતા એકલા રે જુએ રામ લખમણની વાટ' ના ગીત ગુજરાતી ઉપાડ સાથે 'ઢોલ બાજે, ઢાંય ઢાંય ઢમ ઢમ ઢોલ' સંજય લીલા ભણશાલીની 'રામલીલા' અને ઓસમાણ મીર બન્ને છવાઈ ગયાં...

'દમાદમ મસ્ત કલંદર'ની અદ્ભૂત અને તાળીઓનો પ્રચંડ પ્રતિસાદ વર્ષો પહેલાની ઉષા ઉથ્થુપના મસ્તકલંદરની યાદ અપાવી ગઈ... 'શિવતાંડવ'ના બે શ્લોક સાથે શંકર મહારાજ આજ તાંડવ નાચે અને એમા ડમરૂનો અવાજ શ્રાવણીયા સોમવાર જેવો પવિત્ર બની રહ્યો...

હળવીવાણીની વાત કરવા આવેલા ડૉ. રણઝીત નાંકે રોજબરોજની ઘટનાની હળવી વાતોથી વાતાવરણ હળવુંફુલ બનાવી રાખ્યું. મિસ કોલ માર્યા પછી બેલેન્સ ચેક કરે એ ગુજરાતી. લંડનના હિથરો સ્ટેશને મફતમાં મશીનમાં બુટ પોલિશ કરવી સાડી છસો વર્ષની ગુલામીનો બદલો લીધો અને 'અઢે ગઢે સોફ્ટવેર' જેવી વાતો રમૂજ પમાડી ગઈ...

'હમ તેરે શહેર મેં આયે હૈ મુસાફીર કી તરહ' ગજલ અને એમાં 'જાને ક્યું લોગ મહોબ્બત કિયા કરતે હૈ' અને 'યે તો સચ હૈ કે ભગવાન હૈ' સાથે સાથે 'પૂછો તો જરા ઘાયલને શું થાય છે' સ્વર સાથે ઈશ્વરની વાત કરીને 'ના ચિઠ્ઠીના સંદેશ' સાથે આખીય રજૂઆત ભાવવાહી રહી...

ઝવેરચંદ મેઘાણીની ભૈરવીમાં ગવાતી રચના 'જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ' જે ઓસમાણ મીર પહેલા પણ ગાતા આવ્યા છે, અને આ રચના વચ્ચે અલ્લાહ-ઈબાદત, પ્રભુ-પ્રાર્થનાનો એક જ રાગ છે એવુ કહી ઓમ નમઃ શિવાય અને 'અલ્લાહ'નો પોકાર કરી કાર્યક્રમનું સમાપન કરી દીધું... કેટલાંય ચાહકોની ડિમાન્ડને પુરી કરવાં છેલ્લે છેલ્લે ફરી ઓસમાણ મીરે 'મનમોર બની થનગાટ કરે' લલકારી પ્રેક્ષકોને જલ્સો કરાવી દીધો...

સુંદર સાંજ-સજાવટ-સાઉન્ડ-શિસ્તબદ્ધતા-સંયમ અને એમાં સૂર-સંગીતનું સમન્વય કલ્ચરલ ફોર્મનું કમીટમેન્ટ દેખાઈ આવે છે. સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. ઈનશોર્ટ આખોય કાર્યક્રમ કાયમી સંભારણા જેવો બની રહ્યો.

- સંજય થોરાત

શબ્દાવલી - ૫૩૮૪

૧	૨	■	૩	૪	૫	■	૬
૭		■	૮			■	
■	૯			■	૧૦	૧૧	
૧૨		■	■	૧૩			■
	■	૧૪	૧૫		■	૧૬	
૧૭	૧૮			■	૧૯		■
૨૦		■	■	૨૧			૨૨
૨૩					■	■	

આડી ચાવી

૧. સૂરજ ઢળે તે સમય, સાંજ (૨)
૩. આકાર સહિતનું (૩)
૭. શરીર, આયખું (૨)
૮. પેટી, મંજુષા (૩)
૯. વિના મૂલ્ય, દામ લીધા વગરનું (૩)
૧૦. ઉપકાર, ભલ મનશાઇ(૩)
૧૨. ભાંગેલુ, નાશ પામેલું (૨)
૧૩. દેવુ, ઉધારનું (૩)
૧૪. દુનિયા, જગતના અર્થમાં(૩)
૧૬. બુદ્ધિ, આવડત (૨)
૧૭. જમડા (૪)
૧૯. તાળાને હિન્દીમાં... કહેવાય (૨)
૨૦. પુરૂષ (૨)
૨૧. તડો વચ્ચે સમાધાન, સુલેહ (૪)
૨૩. ઝગડાખોર, ઝગડાળુ (૫)

ઊભી ચાવી

૧. મહાત્મા, સાધુ (૨)
૨. તપસ્યામાં લીન (૪)
૩. અમીર ઉમરાવ, મંત્રી (૩)
૪. એક સુકો મેવો (૨)
૫. રસથી ભરેલું (૪)
૬. કાંડુ, એક ધાતુ (૩).
૧૧. મર્યાદા, આબરૂ, પત (૫)
૧૨. ભય પૈદા કરે તેવું (૫)
૧૩. ઓછું (હિન્દીમાં) (૨)
૧૪. એકંદરે જેની સુંટ બને (૨)
૧૫. આદત, કુટેવ (૨)
૧૮. ઇચ્છા, મુરાદ (૩)
૧૯. લાંબુ-જેવું, એક ઊંચું ઝાડ (૨)
૨૧. ગરમ દૂધ પર પડ બને તે(૩)

શબ્દાવલી ૫૩૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) પારકા (૪) તલસાટ (૭) મજાક (૮) ટાપા (૯) ડીઝાઇન (૧૩) કાજ (૧૫) ઘરકામ (૧૬) બનાના (૧૮) ઝોમ (૧૯) જોસ (૨૦) ઘટમાળ (૨૩) રબ

ઊભી ચાવી :- (૧) પામર (૨) રજા (૩) કાકડી (૪) તળાઇ (૫) સાટા (૬) ટપાલ (૧૦) ઝાકમઝોળ (૧૧) નકાબ (૧૨) મરઘટ (૧૪) જનાજો (૧૭) નાસમજ (૨૦) ઘર (૨૧) માળ (૨૨) લબ

ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોદીએ રાષ્ટ્રીય રાજકારણમાં રસ લેવાનું શરૂ કર્યું જેના પરિણામે ભાજપના ટોચના નેતાઓ જોડાવા લાગ્યા. મોદી અને અડવાણી આમ તો પાર્ટીમાં એક સિક્કાની બે બાજુ કહેવાતી હતી. ભાજપમાં સૌ પ્રથમ અરૂણ જેટલીએ મોદીને પીએમ મટીરિયલનું બિરૂદ આપ્યું હતું. એ સમયે સંઘના નેતાઓ પણ મોદીની સાથે હતા. મોદીની ઇચ્છા ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીમાં પીએમ તરીકે પ્રોજેક્ટ થવાની હતી પણ લાલકૃષ્ણ અડવાણીની ઇચ્છા આગળ તેમણે છેલ્લી ઘડીએ મૌન ધારણ કરી દીધું હતું જેનો ફાયદો તેમને ચાર વર્ષ પછી થયો. અંતે ભાજપના નેશનલ પ્રેસિડેન્ટ રાજનાથસિંહ તરફથી ૧૩મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ મોદીને પ્રાઇમ મિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે ઘોષિત કરી દેવામાં આવ્યા હતા.

વિવાદ વધતા ગયા તેમ કદ વધ્યું છે...

ગુજરાતમાં સર્જાયેલી ચાર ઘટનાએ મોદીનું કદ વધારી દીધું છે. પહેલી ઘટના ૨૦૦૨માં ગોધરાકાંડ પછીના કોમી તોફાનોની હતી, કે જે આજે પણ મોદીનો પીછો છોડતી નથી. તે પછી ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન પૂર્વ મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલ અને તેમના સમર્થકોનો આંતરિક અસંતોષ ચરમસીમાએ હતો. બીજી તરફ સોહરાબુદ્દીન સહિતના છ મહત્વના એન્કાઉન્ટરો કે જેમાં સીબીઆઈની તપાસ આજે પણ ભાજપનો પીછો છોડતી નથી અને છેલ્લે માનિતા ઉદ્યોગપતિઓને સસ્તા ભાવે જમીન આપી દેવામાં આવી છે તે મુદ્દો પ્રત્યેક ચૂંટણીમાં કોંગ્રેસનું શસ્ત્ર હોય છે...

આફતને અવસરમાં પલટી નાંખવાની મોદીની કાબેલિયતે છેલ્લા બાર વર્ષથી કોંગ્રેસને કોઈપણ મુદ્દે ફાવવા દીધી નથી. વિરોધીઓ વચ્ચે ઉછરેલા મોદી કોંગ્રેસની નકારાત્મક રાજનિતીના કારણેં મોસ્ટ પોપ્યુલર બની ગયા. સતત ત્રણ ટર્મમાં ભાજપને બહુમત અપાવીને સત્તા ટકાવી રાખવાનો મોદીનો પ્રયાસ આજે તેમને રાષ્ટ્રીય રાજકારણમાં લઈ આવ્યો છે. આજે તેમની ચર્ચા માત્ર ભારતમાં જ નહી, અમેરિકન સેનેટમાં પણ થવા લાગી છે. આ મોદીના વખાણ નથી પણ હકીકત છે. ગુજરાતની સાથે મોદીનું પણ ગજબનું માર્કેટીંગ થયું છે...

વડોદરામાં સૌથી વધુ લીડનો વિક્રમ સર્જાશે...

ગુજરાતનું ઈલેકશન પૂર્ણ થયું છે. મોદીએ છેલ્લી ઘડીના પ્રચારમાં ઘણી બેઠકોના પરિણામ બદલી નાંખ્યા છે, ગઈ ચૂંટણી કરતાં ૧૫ ટકા વધુ મતદાન થતાં કોંગ્રેસનો ગભરાટ વધી ગયો છે, કારણ કે રાજયમાં જયારે જયારે ૫૦ ટકા કરતાં વધુ મતદાન થયું છે ત્યારે ત્યારે ભાજપને ૧૫?? વધુ બેઠકો મળી છે. ભાજપના પીએમ કેન્ડિડેટ નરેન્દ્ર મોદી જયાંથી ઉભા છે તે વડોદરા બેઠકમાં ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે. સૂત્રોનું કહેવું છે કે મોદીને ત્રણ લાખ કરતાં વધુ મતોની સરસાઈથી જીત મળશે...

ભાજપ અને કોંગ્રેસનું એવું અનુમાન છે કે આ વખતે કેટલીક બેઠકો કોંગ્રેસ ગુમાવશે અને કેટલીક ભાજપના હાથમાંથી સરકી જશે. ત્રણ કેન્દ્રિય મંત્રીઓ પૈકી બે મંત્રીઓને જોખમ છે. સૌથી અગમચેતી વાપરનારા કોંગ્રેસના જામનગરના ઉમેદવાર છે, તેમણે પરિણામ પૂર્વે જ હાર માની લીધી છે. તેમણે તેમના સમર્થકોને કહ્યું હતું કે ભાજપના ઉમેદવાર પૂનમ માડમ સામે હું ૩૦ હજાર કરતાં વધુ મતે હારી રહ્યો છું. શંકરસિંહ વાઘેલાની જીત છે પરંતુ માર્જીન સામે વાંધો રહેશે, કારણ કે બહુ પાતળા માર્જીનથી તેઓ વિજય હાંસલ કરશે તેવું કોંગ્રેસના સ્થાનિક નેતાઓ કહે છે...

પ્રિયંકા ગાંધી સૌથી વધુ લોકપ્રિય ચહેરો...

૨૦૧૨માં ચૂંટણીનો અનુભવ હોવા છતાં કોંગ્રેસે આ વખતે પ્રચાર-પ્રસાર કરવામાં ભારે થાપ ખાધી છે. સોશ્યલ સાઈટમાં તદ્દન નિષ્ક્રિય રહેલા પ્રદેશ નેતાઓને ખબર પણ પડી નથી કે ભાજપનો સોશ્યલ વોરરૂમ શું કરી રહ્યો છે. ફેસબુક અને ટ્વિટરના માધ્યમ ઉપરાંત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ માધ્યમની ઓનલાઈન વેબસાઈટ ઉપર મોદી સિવાય કોઈને તક મળી નથી. હા, કેજરીવાલ છવાયેલા હતા પરંતુ તેમને રાજકારણના બેસ્ટ કોમેડિયન તરીકે ગણાવાયા છે. બીજી તરફ રાહુલ કરતાં પ્રિયંકાને વધારે વેઈટેજ મળ્યું છે. માત્ર બે જ બેઠકો રાયબરેલી અને અમેઠીમાં માતા અને ભાઈનો પ્રચાર કરતી પ્રિયંકા સોશ્યલ સાઈટમાં સૌથી વધુ લોકપ્રિય ચહેરો છે...

પ્રિયંકા ગાંધીની બોલવાની અને ચાલવાની સ્ટાઈલ તેના દાદી ઈન્દિરા ગાંધી જેવી છે. કોંગ્રેસ માટે પ્રભાવી અને આશાસ્પદ ચહેરો છે. મોદીની સામે પ્રિયંકા ચાલી શકે તેવી છટા ધરાવે છે. આક્રમક નહી છતાં લાગણીશીલ વક્તવ્યની તે માહિર છે. ૨૦૧૯માં લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસે ભલે પ્રિયંકાને અનામત રાખી હોય, જો તેને ૨૦૧૪માં મેદાનમાં છ મહિના પહેલા ઉતારવામાં આવી હોત તો ભાજપ અને મોદીને ભારે પડી ગઈ હોત.. એવું કોંગ્રેસ નહી ભાજપના આગેવાનો કહી રહ્યાં છે. ઈલેકશનમાં ફાયદો કરાવવા માટે કોંગ્રેસનો બેસ્ટ ફેસ પ્રિયંકા છે...

સચિવાલય હવે ચીફ મિનિસ્ટર નક્કી કરે છે...

ગુજરાતમાં લોકસભાની તમામ બેઠકોનું મતદાન પૂર્ણ થતાં સચિવાલયમાં કામ અર્થે આવતા ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓ તેમજ સામાન્ય જનતાને હાશ થઈ છે... હવે સચિવાલય મુલાકાતીઓથી ઉભરાઈ જશે, કારણ કે નવા કામો, યોજનાઓ અને પેન્ડિંગ ફાઈલોનો નિકાલ શરૂ થઈ ચૂક્યો છે, જો કે ચૂંટણી કામમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને હજી રાહત નથી, કારણ કે ૨૦ મે સુધી તેમની બદલી થઈ શકશે નહી કે તેઓ રજા પાડી શકશે નહી...કેમ કે ૧૬ મે ના રોજ હજી ૨૬ બેઠકોની મત ગણતરીનું કાર્ય બાકી છે...

મતદાન પૂર્ણ થયા પછી સચિવાલયમાં સેક્ટરી લેવલે અને કર્મચારીઓની જૂથો વચ્ચે રાજકીય ચર્ચા શરૂ થઈ છે. પાનના ગલ્લે અને ચાની કિટલીએ ભાજપ અને કોંગ્રેસને કેટલી બેઠકો મળશે, મોદી પીએમ થશે કે નહી, ગુજરાતના નવા મુખ્યપ્રધાન કોણ હશે, મંત્રીમંડળમાં કેવા ફેરફારો થશે, મોદી પીએમ નહીં થાય તો ગુજરાતમાં શું કરશે.. આવા પ્રશ્નો પૂછાય છે અને જવાબ મેળવાઈ રહ્યાં છે. મોદી જો દેશના પીએમ થાય તો ગુજરાતમાં ચીફ મિનિસ્ટર કોણ તેવા પ્રશ્નના ત્રણ જવાબ મળે છે. કર્મચારીઓનું એક જૂથ આનંદીબેન પટેલને જુએ છે. બીજું જૂથ અમિત શાહની શરત લગાવે છે અને ત્રીજું જૂથ અન-નોન પર્સન એટલે કે ગુજરાતમાં બહું લોકો ઓળખતા નહી હોય તેવી વ્યક્તિ ચીફ મિનિસ્ટર થશે તેવું કહે છે.

નવા ચીફ સેક્રેટરી માટે જાજમ તૈયાર છે...

ગુજરાતમાં ૩૦ એપ્રિલે વય નિવૃત્ત થઈ ગયેલા ચીફ સેક્રેટરી ડો.વરેશ સિંહાને ગુજરાત સરકારની ભલામણ પ્રમાણે ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવેલું છે. તેમની અવધિ જુલાઈ-૨૦૧૪માં પૂર્ણ થાય છે. એટલે કે નવા ચીફ મિનિસ્ટરના શપથ લેવડાવીને તેઓ નિવૃત્ત થશે. તેમના પછી સિનિયોરિટીની દ્રષ્ટીએ જોઈએ તો હાલના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. સુદીપકુમાર નંદા આવે છે. ૧૯૭૮માં બેચના ગુજરાત કેડરના આ સનદી અધિકારી ફેબ્રુઆરી-૨૦૧૬માં વય નિવૃત્ત થાય છે. એટલે કે તેમને આ પદ ઉપર રહેવા બે વર્ષનો સમય મળશે...

આપત્તિઓને અવસરમાં પલટી નાંખવાનું સૌથી કપરૂં કામ સુદીપકુમાર નંદા સારી રીકે પાર પાડી શકે છે. સરકારો માટે ઘણી વખત કઠોર સમયમાં તેઓ ઉમદા કામગીરી કરીને સરકાર અને જનતા વચ્ચેનો મજબૂત સેતુ બનાવી શક્યા છે.